Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

*

આત્મ વિકાસની ચરમ સીમાએ પહોંચવાની તાકાત માત્ર મનુષ્યમાં છે. વિકાસની ચરમ સીમાને મનુષ્ય પાર કરી શકે છે.

*


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯ | ફાગણ | આત્મ સંવત ૯૬ |
| અંક : ૫ | માર્ચ | વીર સંવત ૨૫૧૮ |
| | ૧૯૯૨ | વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ભવસાગર તરવા નાવા નૌકા ૮ | વ્યાખ્યા પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી. | ૪૧ |
| (૨) | 'શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ સદાચાર' એક અનુશીલન | પ્રા. ચંદાબેન વી. પંચાલી | ૪૭ |



આ સભાના નવા આજીવન સભ્ય

### (૧) શ્રી ભરતકુમાર મનસુખલાલ ભાવસાર–ભાવનગર

## સુધારો

માસિક અંક ૪ માં રજીસ્ટ્રેશનના નં. ૩ માં 'પ્રકાશકનું નામ' ભુલથી છપાય ગયેલ છે તો ત્યાં તેને બદલે 'મુદ્રકનું નામ' વાચવું.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ચૂંટણી

તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય-ગોવાલિયા ટેંક મુંબઇ-૩૬ ની વર્ષ (૧૯૯૧-૯૪) માટેની કાર્યવાહક સમિતિની ચૂંટણી તારીખ ૯-૧-૯૨ને દિને પૂરી થઇ તારીખ ૧૮-૧-૯૨ ની વ્યવસ્થાપક સમિતિની સભામાં નવી કાર્યવાહક સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત શ્રી આર ડી. શાહ, ચૂંટણી અધિકારીએ કરી.

દાનવીર અને લોકપ્રિય સામાજીક કાર્યકરશ્રી દીપચંદભાઇ એસ. ગાડીની સંસ્થાના બિનહરીફ પ્રમુખ ચૂંટાયેલા જાહેર થયા શેષ હોદેદારોમાં ચૂંટાયેલા હોદેદારોશ્રીની જાહેરાત નીચે મુજબ થઈ હતી.

ઉપપ્રમુખ :– શ્રી પ્રતાપભાઇ ભોગીલાલ
મંત્રી :- શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી શ્રીકાંત સાંકરચંદ વસા
શ્રી દિનેશભાઇ કુવાડિયા
ખજાનચી શ્રી વિનોદ જે. વસા
શ્રી મહેશભાઇ વાડીલાલ ગાંધી

તે ઉપરાંત ચૌદ સભ્યો કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે ચૂંટાયેલ જાહેર થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

ચારિત્રપદ

# ભપસાગર તરપા નવ નાપા નૌકા-૮

વ્યાખ્યાતા :- પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી.

શ્રી નવપદજીની ઓળીની આરાધના ચાલે છે, એક પછી એક દીવસ વીતે છે ને આરાધનનું ખાતુ ભરાય છે. જિનશાસનમાં આરાધનાનાં ક્રમની પાછળ પણ ચોક્કસ હેતુ છે. શ્રદ્ધા, ભાસન, રમણતા આ ક્રમ છે. સમ્યક્‌દર્શન એ શ્રદ્ધા સ્વરૂપ છે. જેની શ્રદ્ધા થાય તે ચીજ શ્રદ્ધાના ચરમ બીંદુએ ભાસવા લાગે. અને જે ચીજ પ્રત્યક્ષ ભાસી ગઇ તેમાં જ રમણુતા પ્રગટે. એ રમણુતાની આદિ ખરી પણ અંત નથી.

સ્વભાવમાં-સ્વરૂપમાં સ્થીરતા એ નિશ્ચય ચારિત્ર છે 'चारित्रं स्थिरता रुपम् यत' सिद्धे- स्वपीच्यते ' આવા ચારિત્રને સાધ્યચારિત્ર કહ્યું છે. અને એને પ્રાપ્ત કરાવનાર તે સાધન ચારિત્ર છે. એટલે કે વ્યવહાર ચારિત્ર છે. આ વ્યવહાર ચારિત્રનાં બે ભેદ છે.

એક સર્વ વિરતિ બીજુ દેશ વિરતિ. પહેલું સાધુ ભગવંતો પાળે છે તે. અને બીજું શ્રમણો પાસક શ્રાવકો પાળે છે તે.

આ વ્યવહાર ચારિત્ર પ્રવૃતિ સ્વરૂપ છે જયારે નિશ્ચય ચારિત્ર નિવૃતિં સ્વરૂપ છે. આ નિવૃત્તિ સ્વરૂપ ચારિત્રને પામવા પ્રવૃતિ સ્વરૂપ ચારિત્ર પાળવાનું હોય છે. જ્ઞ પરિજ્ઞાથી જે જાણ્યુ તેને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યજવાનું છે, આમ તો બિન જરૂરી ત્યજીને જરૂરી મેળવવાનો હોય છે. પારકું છોડીને પોતીકું પામવાનું હોય છે. એટલે જ ચારિત્રને સ્વસુખની ઉપલબ્ધિ કહેવાય છે. આ ચારિત્ર ધર્મ પ્રત્યેનો અનુરાગ કેળવવા માટે જ તેની સીત્તેર ભેદે આરાધના કરવાની છે. (૭૦) સીત્તેર લોગસ્સનો કાઉસગ્ગ (૭૦) સીત્તેર ખમાસમણા (૭૦) સીત્તેર સાથીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ આરાધના ચારિત્રનાં રાગને દૃઢ કરનાર બને છે. તે આ દિવસોમાં જ શકય બને છે. આપણાં આત્માનાં આવરણોને ખસેડવામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અને ભવ આ પાંચ ચીજ કારણ ભૂત છે. તેમાં કાળ તરીકે આ ચૈત્રી અને આસોની ઓળીના દિવસો સહાય ભૂત છે.

જઘન્યમાં જઘન્ય શ્રાવક જઘન્યથી પણ આ રત્નત્રયીની દર્શન જ્ઞાન-ચારિત્રની આરાધના નિત્ય કરનારો હોય. પરમાત્માનાં દર્શન, વંદન, પૂજન, દ્વારા સમ્યગ્ દર્શન પદની, ગુરુ મહારાજ પાસે નમન, વંદન કરી, જ્ઞાનની પૂજા કરવા દ્વારા જ્ઞાન-પદની અને ઓછામાં ઓછુ નવકારશીનું પચ્ચક-ખાણ કરીને કે સામાયિક કરીને ચારિત્ર પદની આરાધના કરે. પ્રભુના ધર્મની આરાધના સામાયિકથી શરૂ થાય છે. પ્રભુને કેવળજ્ઞાન તો વૈશાખ સુદી દશમે થઇ ગયું. ક્ષણવાર દેશના પણ દીધી, તો યે તીર્થ ન સ્થપાયું, શાસન ન સ્થપાયું શાસનતો ત્યારે જ સ્થપાયું કે જ્યારે કોઇકે વિરતિધર્મનો સ્વીકાર કર્યો. વિરતિથી ધર્મની શરૂઆત થાય છે તે માટે પ્હેલા અવિરતિ ખૂંચવી જોઇએ. જેટલી અવિરતિ વધુ ખૂંચે તેટલું સમ્યગ્ દર્શન નિર્મળ સમજવું. અવિરતિને કાઢવા ને વિરતિને લાવવાના સંસ્કાર શ્રાવક કુળમાંજ લાવી શકાય તેમ છે. શ્રાવકનાં કુળમાં વિરતિનીજ વાતો થતી હોય. વિરતિધર થવાની હોડ બકાતી હોય.

આ કાળની એક વાત છે. છાણી, કપડવંજ, રાધનપૂર ઝીંઝુવાડા આ બધા દીક્ષાની ખાણ જેવા ક્ષેત્ર છે. ઝીંઝુવાડાની એક વાત છે. એક નાનો ૫/૬ વર્ષની ઉંમરનો છોકરો. વિરતિ લેવાનાં-દીક્ષા લેવાનાં કેવા ભાવ મનમાં સ્થીર થયા હશે! ઉમ્મર નાની એટલે કયારેક કયારેક રીસાય, ખાવા ન બેસે, ન બોલે, મોઢું ચઢાવીને ફરે, ત્યારે ત્યારે તેને ડર બતાવવા શું કહેતાં ખબર છે? તેના માતા-પિતા કહે કે ચાલ જમવા બેસી જા નહીતર સગપણ કરી દઇશું. પેલો છોકરો તુરત પગ પછાડતો ના....ના એમ કહીને જમવા બેસી જાય. તેને દીક્ષા જ લેવી હતી, તેથી સગપણ શબ્દથી પણ આટલો ડરતો હતો. હવે તમે તમારા ઘરનો વિચાર કરો. તમારા દીકરાને સગપણ શબ્દનો ડર લાગે કે દીક્ષા શબ્દનો ડર લાગે? શ્રાવકના કુળમાં આ સહજ હતું. શ્રાવકનો એવો મનોરથ હોય કે ઘરમાં જનમ્યો ખરો પણ ઘરમાં મરીશ નહી મરીશ તો ઉપાશ્રયમાં જ.

શ્રાવક માટે શબ્દ છે. શ્રમણોપાસક પણ તે સંસારનો રસિયો બનીને આજે તો વૈશ્રમણોપાસક વૈશ્રમણનો અર્થ કુબેર થાય છે. કુબેરનો-ધનનો ઉપાસક બની ગયો છે,

કમસે કમ તમે વિકલ્પ તો ઉભો રાખો જેમ મેટ્રીક પછી દીકરાને કહોને કે કઇ લાઇન લેવી છે. કોમર્સ, સાયન્સ, કે આર્ટસ? એ જેમ વિકલ્પ છે. તેમ દીક્ષા લેવી છે કે સંસાર માંડવો છે? એમ પૂછો છો?

સભા : સાહેબ અમારામાં હોય તો અમે પૂછીએ ને.

તો લાવોને. આ સાંભળી સાંભળીને શું કરવાનું છે, સંસારના મટીને શાસનના બનવાનું છે.

ગુરુ મહારાજને વંદન કરતાં વેદના થવી જોઇએ કે આપ તરી ગયા ને હું રહી ગયો. શ્રીપાળને છેલ્લે સુધી આ ભાવ હતા કે મને બધું મળ્યું પણ ચારિત્ર કયારે મળશે?

સંયમ કબહી મીલે સસનેહી પ્યારે...

શ્રાવકમાં સર્વ વિરતિનાં ભાવ પૂર્વકની દેશ-વિરતિની આરાધના તો હોય જ રાત્રિ ભોજન જેવા પાપથી તો તે પરિવાર વિરમેલો જ હોય. પાપથી છૂટવા માટે મનુષ્યભવ છે. શ્રાવક કુળને રાત્રિ ભોજન આ વિરોધાભાસ છે. એવા પણ ઉત્તમ કુળ છે. કે જ્યાં જન્મેલાં બાળકો જનમ્યાં પછીનાં છ મહિના પછી કદી રાત્રિ ભોજન કરતાં નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છ મહિના સુધી સ્તનપાનની અનિવાર્યતા છે. પણ છ મહિના પછી રાત્રે પાણી સિવાય કશું જ નહીં. આ જન્મથી અજૈન કુળની વાત છે. એ કુંટુંબમાંથી દીક્ષાઓ પણ થઇ એ કુંટુંબના બે નિયમો જડબેસલાક. રાત્રિ ભોજન ત્યાગ, અણગળ પાણી ત્યાગ. આતો સાવ સામાન્ય વાત છે. પણ આજના તમારા પરિવાર માટે આવી સામાન્ય વાતો પણ કેવી દુષ્કર લાગે છે.

ગુજરાતમાં તારંગા પાસે એક ગામ છે. ત્યાં સાંજે ઉપાશ્રયમાં પ્રતિક્રમણમાં આખો ઉપાશ્રય ભરાય જાય. પર્યુષણમાં તમારે ત્યાં ભરાય તેમ. જોઇને અમને આશ્ચર્ય થયું. અમે પુછયું આજે શું છે ? બધા કહે કે આ તો અમારે રોજિંદુ છે. સાંજે સૂર્યાસ્ત થાય એટલે બધાં બજાર બંધ. દિવસ છતાં વળુ કરી લેવાનું પછી શું કામ હોય. એટલા પરિષદ છે નહી એટલે બધા પ્રતિક્રમણ કરવા આવે. સૂત્ર પણ ભણે નવા નવા સ્તવન. થોય પણ શીખે. આમ એક રાત્રિ ભોજન ત્યાગરૂપ પાપવિરતિ આવે તો તેની આંગળીએ કેટલા ઉત્તમ આચારો આવે. એક પાપવિરતિ સ્વરૂપ સામાયિકનો નિયમ હોય તો કેટલો લાભ થાય.

આ સામાયિક જેવો વિરતિ ધર્મ દેવલોકમાં થઈ શકતો નથી. એટલે જ ઇંદ્ર જેવા ઇંદ્ર પોતાની સભામાં બેસતી વખતે "વિરતિ"ને પ્રણામ કરીને ઇન્દ્ર સભામાં બેસે. શા માટે ઇન્દ્ર મહારાજા સામાયિક કરી શકતા નથી ? ત્યાં સામાયિકના ઉપકરણો મુહપત્તી, કટાસણું ચરવડો નથી માટે ?

સભા : ના ના.

તો શું કારણ છે ? કારણ એ છે કે અતિશય પુણ્ય હોવાનાં કારણે જેવી ઇચ્છા કરે કે તુર્ત તે પુર્ણ થાય "પુણ્યવંતને સિદ્ધિનો ઇચ્છા માત્ર વિલંબ". માનો કે ઇન્દ્ર સામાયિક લઇને બેઠાં કાયાને બેસાડો પણ મન ચંચળ છે. એમાં પણ અતિ દુઃખમાં અને અતિ સુખમાં મન વધુને વધુ ચંચળ હોય છે. નરકમાં પણ એજ દશા છે. એવા ચંચળ મનમાં ઇન્દ્રને જેવો વિકલ્પ ઉઠે તે જ ક્ષણે વૈક્રિય શરીરથી ત્યાં હાજર, પેલો દેવ શું કરે છે એવો વિચાર આવતા વેંત પેલો દેવ જે વાવડીમાં ક્રીડા કરતો હોય ત્યાં પોતે પહોંચી જાય. એટલે લીધેલી સામાયિકની પ્રતિજ્ઞાનો ભંગ થઇ જાય. માટે દેવલોકમાં સામાયિક થઈ શકે નહી. શ્રાપના બંધ વિનાની ક્ષણ પણ ન મળે. અહીં મનુષ્ય ભવમાં જ તમે ધારો તો પાપ મુક્ત રહી શકો.

નવકાર મહામંત્રના અક્ષર અડસઠ છે. એ અડસઠના ઉલ્ટા કરો એટલે છયાશી થાય એ અડસઠ અક્ષરના જાપની સફળતા છયાસી અક્ષરમાં છે. એ છયાસી અક્ષરનું સૂત્ર કયું છે ?

સભા : કરેમિભંતે સૂત્ર છે.

અમારૂ કરેમિભંતે કે તમારૂં કરેમિભંતે ?

સભા : કેમ એ જુદુ હોય છે ?

હા એ બન્ને જુદા. તમારા સામાયિકમાં બે ઘડીએ ૪૮ મીનીટે સામાઇસ વય જુત્તો આવી જાય. અમારા કરેમિભંતેમાં એ આવે જ નહી. "જાવ જજીવાએ" પાઠ આવે. વળી અમારો નવકોટી શુદ્ધ પચ્ચક્ખાણ આવે. તમારે આઠ કોટી આવે. એટલે સાધુ જીવનના કરેમિભંતેમાં ૮૬ અક્ષર આવે. આ કરેમિભંતેનો "ક" બોલવામાં ખૂબ પુણ્ય જોઈએ. મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય તોજ કરેમિભંતેનો "ક" બોલી શકાય કમળનો "ક" ઘણી વાર બોલ્યાં, એમાં માત્ર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જોઇએ.

આપણે ત્યાં પુણીયા શ્રાવકનું સામાયિક જાણીતું છે. પુણીયો શ્રાવક સામાયિકમાં બેસે ને જ્યારે સજ્જાય સંદિસાહુ અને સજ્જાય કરૂં બોલે તે પછી તેનુ ચિત્ત સિદ્ધ ભગવંતનાં ધ્યાનમાં લીન બની જાય. મોક્ષે ચિત્તં ભવે તનુઃ શરીરથી સંસારમાં અને મનથી મુક્તિમાં, પ્રભુ મહાવીરે શ્રીમુખે આ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણીયા શ્રાવકની પ્રશંસા કરી. મગધ સમ્રાટ શ્રેણિકનાં નરક નીવારવાનાં પ્રશ્નનાં ઉત્તરમાં પ્રભુજીએ આડકતરી રીતે કેવી મહત્વની વાત કરી દીધી. અહિંસા, સુપાત્રદાન, અને સામાયિક આ ત્રણ નરક નીંવારવાના કારણો છે, સાધનો છે.

ચારિત્ર ધર્મની વાનગી સ્વરૂપ આ બે ઘડીનાં સામાયિકમાં સ્વાધ્યાય કરવાનો છે. નવકાર વાળી ગણવાની નથી એ તો છેલ્લો ઉપાય છે. છિન્નઇ અસુહં કમ્મં, સામાઇઅ જત્તી આ વારા જેમ જેમ સામાયિક કરતા જાવ તેમ તેમ અશુભ કર્મો છેદાતા જાય, એવું જે કહ્યું છે તે સ્વાધ્યાય માટે છે. આ સ્વાધ્યાય વાચના પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એમ પાંચ પ્રકારે છે. આ સ્વાધ્યાય પણ એક સાધન છે સમભાવ એ સાધ્ય છે, સ્વાધ્યાય દ્વારા પ્રાપ્ત થતા સમભાવ વડે મોક્ષ સુખનો અહીં બેઠાં અનુભવ કરી શકાય છે. પશરરતિમાં કહ્યું છે શ્રૂયંતે ચાનતાઃ સામાયિક માત્ર પદ સિધ્ધાઃ મત્ર સમભાવનો સહારો લેવાથી બનતા આત્માઓ સિદ્ધ થયા છે. પ્રભુની આજ્ઞા છે કે બહુસો સામાઇયં કુજ્જા. શ્રાવકે વારંવાર સામાયિક કરવું. પ્રતિક્રમણ માત્ર બે વાર પણ સામાયિક વારંવાર પંડિત શ્રી વીરવિજયજી મહારાજે કહ્યું છે કે,

ઘડી હોય મીલો સે એકાંતે નહીં વાર
અચલ સુખ સાધંતે પ્રભુની સાથે વાત

કરવાનો અવસર એટલે સામાયિક. આવું સામાયિક શ્રાવકો શાસનની પ્રભાવના પુર્વક કરતા હતા.

અમદાવાદના નગરશેઠની વાત છે. શાંતિદાસ શેઠનું નામ તો તમે સાંભળ્યું હશે. તેમના દીકરા લક્ષ્મીચંદ અને તેમનાં દીકરા ખુશાલચંદ અને તેમનાં દીકરા વખતચંદ શેઠ. આ વખતચંદ શેઠ નીયમીત રીતે બપોરે વામકુક્ષી કરીને મ્યાનામાં બેસી જવેરીવાડ વાઘણપોળમાં ઉજમ ફૈની ધર્મશાળામાં સામાયિક કરવા જતાં. પાલખી બન્ને બાજુ ખુલ્લી હોય અને મ્યાનો બે બાજુ પડદાથા બંધ હોય, કટાસણુ, ચરવડો, મુહપત્તી, સાપડો વગેરે સામાયિકના ઉપકરણો રાખે અને રૂપિયાથી ભરેલો વાટવો રાખે. નગરશેઠના વંડાથી નીકળી ઉજમ ફૈના ધર્મશાળાએ પહોંચે, ત્યાં સુધી યાચકોને મેઘની જેમ દાન દેતાં જાય આ પ્રસંગનું ચીત્ર અત્યારે ઝવેરીવાડ વાઘણપોળમાં અજિતનાથ ભગવાનના દહેરાસરમાં રંગમંડપની બહારની ભીતમાં છે. એક સંભારણુ છે. કોઇ વાર જાવ તો જો જો પંડિત વીરવીજય મહારાજે સામયિક વ્રતની પૂજામાં આજ વાત કરી છે.

રાજા મંત્રીને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી
વાજિત્ર ગીત આગળ પાળા, પરશંસે ષટદર્શનવાળા

શ્રાવક આ રીતે ઠાઠથી ધર્મ કરણી કરે બીજાનાં હૈયે ધર્મની પ્રશંસા દ્વારા ધર્મના બીજનું વાવેતર કરે.

સામાયિકમાં બત્રીશ દોષ વજવાના હોય છે. આ બત્રીશ દોષ જાણવા જોઈએ શાસ્ત્રમાં પાકૃત ગાથામાં આવે છે, પણ તમારા જેવાને સરળતાથી યાદ રહે તે માટે એ બત્રીશ દોષ ગુજરાતી દુહામાં મળે છે.

દશ મનના, દશ વચનના અને બાર કાયાના એમ બત્રીશ દોષો ક્રમ સર બતાવ્યા છે.

આ શકય હોય તો મોઢે કરી લેવા. અથવા નોંધી લેવા. જેથી એ જાણ્યા બાદ સામાયિક દોષ રહીત થઇ શકે.

—: દુહા :—

રોષ[1] સહીત અવિવેકથી[2] કરે ન
અર્થ વિચાર[3]
મન ઉદ્વેગે[4] જસ ઇહે,[5] વિનય[6]
રહીત ભયધાર[7] ૧
વ્યાપાર[8] ચિંતન ફલસંદેહ[9] નિયાણુ[10]
મોહવશ
શામાયિક મનતણા ટાળો દોષ એ દશ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુવચન[1] હુંકારો[2] કરે, દીએ સાવદ્ય[3]
આદેશ
લવલવતો[4] વઢવાડને,[5] દીએ આવકાર[6]
વિશેષ ૩
ગાળદીએ[7] વળી મોહ વશ હુલરાવે[8]
લઘુ બાળ
કરતો વિકથા[9] હાસ્યએ,[10] વચન દોષ
દશ ટાળ ૪

ચપલાસન[1] ચીંહુ[2] દિશિ જુએ
સાવદ્ય[3] કામ સંઘટ્ટ ઓઠીંગો[4] અવિનિત[5]પાણી
બેસેજે ઉધ્ભટ્ટગત્ર[6] આળસ[7] મોડે
મેલે[8] આજ[9] ખણે પાય[10]
પર રાખે પાય,
અતિ પ્રગટે[11] કે ગોપવે નિંદ્રા[12] સહીત
નીજ કાય ॥ ૬ ॥

બાર દોષ એ કાયના, મન વચના થયા વીશ
સામાયિકના સવી મળી ટાળો દોષ બત્રીશ..

શ્રાવકે ઓછામાં ઓછાં જે બે વ્રતો લેવાના કહ્યા છે તેમાં (૧) પરિગ્રહ પરિણામ વ્રત અને (૨) આ સામાયિક વ્રત

સામાયિક વ્રતના પાલનથી તેનો પ્રાણાંતે પણ ભંગ ન થાય તેમ કરવાથી વ્રતની રક્ષા થાય છે. ચારિત્ર ધર્મની દૃઢતાનું એક દૃષ્ટાંત ઔપપાતિક સૂત્ર આગમમાં આવે છે, અંબડ પરિવ્રાજકનાં સાતસો ચેલાની વાત છે.

શ્રી કેશી ગણધર મહારાજે જેવો ઉપકાર રાજા પ્રદેશી ઉપર કર્યો છે તેવો જ ઉપકાર આ અંબડ પરિવ્રાજક ઉપર કર્યો છે, અંબડ બહુ સમર્થ માંત્રિક હતાં. દેશ-વિદેશમાં ફરતા હતા માટે પરિવ્રાજક કહેવાતા. સમૃદ્ધ હતાં. કેશી ગણધર મહારાજના પરિચયમાં આવ્યા. ધર્મોપદેશ સાંભળી સમ્યકત્વનો સ્વીકાર કર્યો. બાર વ્રત લીધાં. શ્રાવક ધર્મ સાંભળે એટલે વ્રત લીધાં વીના ન રહે. પુણ્ય હતું તેથી તેમનાં સાતસો અનુયાયી હતાં. તે પણ બાર વ્રત ધારી હતાં. અણુંવ્રતો ગુણવ્રતો. અને શિક્ષાવ્રતોનું પાલન અણિશુદ્ધ કરતા હતા, ધર્મનો રંગ "ફાટે પણ ફીટે નહી, પડી પટોળે ભાત" ની જેમ લાગેલો હતો, શુભવીર વિજયજી મહારાજ કહે છે

રંગ લાગ્યો ચોળ મજીઠ રે,
નવી જાયે કાઠાકણ દીઠ રે."

આવો રંગ ધર્મનો લગાડવાનો છે. વ્રત વ્હાલાં છે કે પ્રાણ વ્હાલાં છે. તો કહે કે વ્રત વ્હાલાં છે. પ્રાણનાં ભોગે વ્રતને પાળીશું પ્રાણ તો ભવોભવ મળશે પણ વ્રતનું પાલન તો અહીજ મળ્યું છે એ સાતસો ચેલા એક સાથે એકગામથી બીજે ગામે વીચરતા હતાં. એક વખતની વાત છે ઉનાળાનાં દિવસો હતાં. જેઠ મહીનો, બપોરનો સમય ગંગા નદીના કાંઠે કાંઠે કપિલપુર નગરથી પુરિમતાલ નગર જઇ રહ્યા હતા. સાથે પાણી રાખ્યું હતું. થોડે ગયા પછી રસ્તો ભુલી ગયા. બધા રહ્યા તો સાથે જ. પણ મૂળ રસ્તાથી દૂર નીકળી ગયા. ધાર્યા કરતાં સમય વધારે વીત્યો, સાથે રાખેલું પાણી વપરાય ગયું. એક તો ઉનાળો, માથે સૂરજ તપે, ભૂલાં પડેલાં થાક ચઢેલો, એટલે તરસ કહે મારૂ કામ. સામે ગંગા બે કાંઠે વહે. નીર્મળ જળ દેખાય પણ અદત્તાદાન વિરમણ વ્રત છે, જળ છે પણ કોઇક આવે અને આપે તો લેવાય, જાતે ન લેવાય. ભર ઉનાળે, ભર બપોરે, અઢાણીક જંગલમાં ચકલું પણ ન ફરકે તો માણુસ તો કયાંથી મળે. એક કવિએ ગ્રીષ્મ ઋતુનું વર્ણન સુંદર કર્યું છે.

આ તાપમાં ઉભા પહાડ તેઆ જપમાં બેઠાં ઝાડ,
ચકલું એનાં ફરકે, જાણો ધોળે દીવસે ધાડ "

આ બાજું આ સમયે પાણી દેનાર ન મળે તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું કરવું. જીવ વ્હાલો છે, પણ જીવ કરતાં પણ વ્રત વધારે વહાલું છે.

ધર્મ કાજે ત્યજે પ્રાણ,
ન ધર્મ પ્રાણ સંકટે

આ સાતસો શિષ્યોનો અફર નિર્ધાર હતો. પ્રાણના ભોગે પણ વ્રત પાળવું છે. કોઈજ ન મળ્યાં અને તરસ જીવલેણ લાગી એટલે બધાંએ જ સાથે ગંગા નદીના વિશાળ તટ પર ધગધગતી રેતીમાં ठाणेण मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि કરી લીધું.

પ્રભુ મહાવીરને પ્રણામ કર્યા. ગુરુ અંબડને સંભાર્યા. આત્મ સાક્ષીએ મહાવ્રત સ્વીકાર્યો અને શુભ ભાવથી સમાધિ પૂર્વક કાળધર્મ પામી પાંચમા દેવલોક બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉતપન્ન થયાં. ચારિત્ર ધર્મની દૃઢતાનું આ કેવું જવલંત ઉદાહરણ છે, વ્રતની અડગતાથી હસતાં હસતાં મોતને ભેટવું એ જીવનની ધન્યતા છે. પ્રભુના શાસનમા ચારિત્ર-ધર્મ તપો ધર્મથી સંકલિત જ હોય છે. એ તપ કેટલા પ્રકારનો તેનું લક્ષણ શું વગેરે બાબતો અગ્રે અધિકાર વર્તમાન જોગ.



માનવ માત્રને સંયમની મર્યાદામાં રાખે તે જૈન ધર્મ
દુર્ગતીના ખાડામાંથી બહાર કાઢે તે જૈન ધર્મ.
ઇન્દ્રિયોનું દમન અને કષાયોનું શમન કરાવે તે જૈન ધર્મ
આત્મામાંથી પરમાત્મા બનાવે તે જૈન ધર્મ છે.

* * *

ત્રણ જગતના, ત્રણકાળના સર્વ જીવોના ઉપકારો કરતાં એક શ્રી જિનેશ્વર પરમાત્માના ઉપકારો અનંતગુણા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 'શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ સદાચાર'

# એક અનુશીલન

પ્રા. ચંદાબેન વી. પંચાલી, બોટાદ

સત્ય શાશ્વત-સનાતન અને અબાધિત છે. સ્થળ કાળ બદલતા છતાં ન બદલાય અનાદિકાળથી અનંતકાળ સુધી તેજ સ્વરૂપે રહે તે સત્ય (આત્મા). એવા પરમ સત્યને પામીને, એ સત્યના જ્ઞાનની જ્યોત અવિરત, અખંડ જલતી રાખીને અનેક મહાપુરુષોએ વિશ્વનાં કલ્યાણમાં પોતાનો ફાળો આપ્યો છે. દરેક મહાપુરુષ કે સંત મહાત્માએ પોતે અનુભવેલા સત્યને જે પ્રકાશ્યું છે. તેનો જ બોધ કર્યો છે. અને કાળના વહેણમાં અનેક વર્ષો વીતી જવા છતાં તે શાશ્વત સનાતન પરમ સત્ય આજેય અબાધિત રહ્યું છે. તે સમજવાને, તેને નીરખવાને હૃદયનાં આધ્યાત્મિક ચક્ષુઓ અને મુમુક્ષુતા જોઈએ. મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂઝાઈ એક મોક્ષને વિષે જ યત્ન કરવો અને તીવ્ર મુમુક્ષુતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું. 'આવું' જેનું કવન છે તેવા પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર આર્ષ-દૃષ્ટા, દિવ્યચક્ષુધારક પરમજ્ઞાનાવતાર થયા. તેઓ લખે છે, 'તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ તે ધર્મ અને તે સદાચારને તું સેવજે' આમાં સદાચારની અર્થવ્યાપ્તિ સમજાય છે. સદાચારને સંસ્કૃત-ભાષાનાઆધારે વિચારીએ તો સત્યને आचरति – સત્યમાં જેનુ આચરણ - રમણ સ્થિરતા છે. જે સત્ સ્વરૂપ આત્મામાં રમમાણ કરે છે તેનો આચાર તે સદાચાર છે. ખરેખર સદાચારનો આ અર્થ દ્રવ્યદૃષ્ટિથી વિચારી શકય છે. જ્ઞાની-પુરુષોની અંતરંગ અધ્યાત્મધારા આ સદા-ચારને સેવવો તેનું અનુભવના આધારે કથન કરે છે. અધ્યાત્મગ્રંથો આ અર્થનું પ્રતિપાદન કરે છે.

એક જ પદાર્થનાં બે સ્વરૂપ છે. એક સ્વરૂપનું આંશિક કથન કર્યું. બીજું સ્વરૂપ છે વ્યવહાર સદાચાર. 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'મા જીવન... ક્રમ પ્રમાણે સદાચારનું ઉદ્ઘાટન થયું છે. શ્રીમદ્જી લખે છે, 'ત્યાગના બે પ્રકાર છે, એક બાહ્ય અને બીજો આભ્યંતર, તેમાંનો બાહ્યત્યાગ તે આભ્યંતર ત્યાગને સહાયકારી છે. ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે. કારણ કે વૈરાગ્ય થયે જ ત્યાગ થાય છે.' આ જ પ્રમાણે અંતરંગ સદાચારને પુષ્ટ કરે તે બાહ્યસદાચાર છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ના પ્રારંભમાં જોઇ શકાય છે.

'બાહ્યક્રિયામાં રાચતાં, આંતરભેદ ન કાંઇ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઇ.

આવી ક્રિયાની જડતા પ્રતિભાસિત થાય છે, તો જ્ઞાનમાર્ગની સ્થિતિમાં શું બને છે તેને પ્રગટ કરતાં 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં જ લખે છે.

'બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી,
વર્તે મોહવેસમાં, શુષ્કજ્ઞાની તે આંહી.'

મિથ્યાબુદ્ધિથી જીવ એક માર્ગને એકાંતે પકડી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વછંદે ચાલ્યો જાય છે. ત્યારે આવી સ્થિતિ સર્જાય છે. આ સંયોગોમાં સ્પષ્ટ, સુયોગ્ય, યથાર્થ સત્‌માર્ગની આવશ્યકતા રહે છે જે શ્રીમદ્‌જી સાક્ષાત્‌ પ્રત્યક્ષ અનુભવથી સત્યમાર્ગનું નિરૂપણ કરતા જાય છે. માટે કહે છે.

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે. તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'

આવું નક્કર સત્ય નિરૂપણ છતાં સરળતાની અબાધિતા જોવા મળે છે. પત્રાંક ૬૪૩માં વાંચવા મળે છે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ-જીવે સહજસ્વભાવરૂપ કરી મૂકયા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલ પરિણામથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે

'વચનામૃત ગ્રંથને દૃષ્ટિ સમક્ષ રાખી સદાચાર-નો ક્રમિક વિકાસ શ્રીમદ્‌જી આ રીતે આપે છે. સત્તરમાં વર્ષના આલેખનમાં દ્વાદશભાવનાનું કથાંચતવ્ય હૃદયંગમ છે.

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી
અનાથ એકાંત સનાથ થશે,
તેના વિના કોઇ ન બાહ્ય સ્હાશે.

એવી અશરણભાવના, અનિત્યભાવના, એકત્વ-ભાવના અન્યત્વભાવના આદિ દ્વાદશ ભાવનાનું સદ્‌-ષ્ટાંત નિરૂપણ સદાચારમાં સ્થિરતાનું ઉત્તમ નિમિત્ત બને છે. મોક્ષમાળા શિક્ષાપાઠ ૩૪માં બ્રહ્મચર્યનો મહિમા ગાયો છે.

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.'

બ્રહ્મચર્યનો મહિમા સદાચારને પ્રેરક બને છે. અજ્ઞાનદશાને કારણે તૃષ્ણાની વિચિત્રતા જીવાત્મા સાથે કેવી જોડઇ ગઇ છે – આ યથાર્થ નિરૂપણ શિક્ષાપાઠ ૪૯માં અનુભવી શકાય છે. સાધક સદા-ચારી બની રહે છે. તેની પ્રથમ ભૂમિકા માટે શ્રીમદ્‌જીના આ વચનો સુદૃઢતાથી વિચારણીય છે.

મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર.
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમકા ધાર.

કષાયની ઉપશાંતતા, ભવનો ખેદ, સરળતા, સુવિચાર, કારણ્યભાવ આદિ સદાચાર મુમુક્ષુમાં સહજભાવે હોય છે.

જે સાધક આત્મા અકષાયી એવા આત્મ-સ્વરૂપને આરાધવા નીકળ્યો હોય તે શું તીવ્ર-કષાયીભાવવાળો હોઈ શકે ? જો તીવ્રકષાય હોય તો માર્ગ આરાધનમાં જીવનો કાંઇક દોષ છે–માર્ગ તો પવિત્ર, શુદ્ધ અને વીતરાગપ્રણીત છે. તેમાં સદોષતા હોઇ શકે નહિ. ' બિનાનયપાવે નહિ ' આ કવિતામાં સદાચારની આધારસીલા નિરૂપાઇ છે. જો સંતની અધ્યાત્મકૃપા મળી જાય તો દરેક કાર્ય અધ્યાત્મને દૃઢ બનાવે છે. નહિ તો જપ-તપ-વ્રત આદિ બધું ભ્રમરૂપ બની રહે છે. માટે સ્વછંદ ત્યાગ કરી, સત્‌ પુરુષની દશાને ચાહક બને તો તૃષાતૃપ્ત થાય અને પરમ આનંદનો અનુભવ સહજ બની શકે.

રાળજ ગામમાં લખાયેલા વીસ દોહરા સદા-ચારના માર્ગને સુસ્પષ્ટ બનાવે છે. જયાં સુધી જીવ પ્રભુ પ્રભુની લયમાં નિરંતર લીન ન થાય ત્યાં સુધી માર્ગનો ઉદય થઈ શકતો નથી. સદાચારની પવિત્રતા એવી પ્રતીત થાય કે જીવ બોલી ઊઠે.

પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ.

આ પંક્તિનો ભાર ' એ દૃઢતા કરી દેજ 'માં રહેલો છેઃ સાચો સદાચાર એ કહેવાય કે પરમ સ્વરૂપ એવા નિજ પરમાત્માની દૃઢતા જેમાં હોય અને ભાવના પણ એવી ભાવે છે મારી અન્ય કાંઇ માગણી નથી. બસ – એક આત્મસ્વરૂપની ભાવના દૃઢ થાય. આ સદાચારની ખેવના જ્ઞાનીસ તો નિરંતર આરાધતા રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મની અને દેહની સુવાવય – ૨૪ વર્ષે શ્રીમદ્જી 'યમનિયમ સંયમ'–પદમાં અક્રમમાર્ગનું નિરૂપણ કરે છે. યમ–નિયમ સંયમ સાધ્યો, ત્યાગ વૈરાગ્ય વધાર્યો, વનમાં વાસ કરી, મૌનપણે આસન લગાવી આરાધના આરાધી, શાસ્ત્રના ખંડનમંડન આદિ સાધનો એક વાર નહિ, અનંત વાર કર્યા પણ હજી સત્નો અનુભવ થયો નહિ. ત્યારે જીવને વિચાર થાય છે કે જ્ઞાનીપુરુષના હૃદયમાં રહેલો ગુપ્ત આરાધનાનો ક્રમ બાકી રહી જાય છે. અંતરથી વિચારતાં સાધક આત્મા તનથી, ધનથી અને સર્વસ્વથી સમર્પિત થઈ સદ્ગુરુની દશાનો ઇચ્છિક બને છે, આરત જગાવી કાર્યસિદ્ધિને સાધતાં સાધ્ય–સાધકભાવ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટી વિલીન બની અદ્વૈત રૂપે પ્રણમી જાય છે. આત્માનો આસ્વાદ બની જાય છે. અમૃતનું માત્ર પાન કરે છે, આનંદના પાન કરે છે. આનંદના, ચૈતન્યના મહાસાગરમાં મ્હાલે છે. આત્મા પરમાત્મારૂપે બિરાજે છે.

સામાન્ય જીવોના વ્યવહારમાં સદાચારનો ક્રમ આ રીતે પણ વણી શકાય. કર્મના વશે કોઇ દુઃખ પ્રસંગ ઘટે ત્યારે સદાચારી જીવ તે પ્રવાહમાં ન પ્રવાહીત થતાં. સાર્થકતાને સહારે તે પ્રસંગની અસારતા વિચારે છે, વિષયભોગની ક્ષણભંગુરતા, તેને સ્વ–વિચારના પ્રદેશમાં લઇ જાય છે. ત્યાં વૈરાગ્યભાવની ઉત્પત્તિમાં નિમિત્ત બને છે. વૈરાગ્યભાવની દઢતા જીવને સદાચારના માર્ગે દોરી જાય છે. જીવને સત્સંગ, સદ્ગુરુનો આશ્રય પસંદ પડે છે-પછી તત્ત્વજ્ઞાનના, શાસ્ત્રના વાંચન, વિચાર, મનન, ચિંતન, નિદિધ્યાસન પ્રતિ અભિમુખ થાય છે-વૈરાગ્યની દઢતા વિશેષ સ્થિર થાય છે. ચિત્ત વધુને વધુ નિર્મળ બને છે- વિચારબળ સુદઢ બને છે ત્યારે જીવનો આંભગમ વળાંક લે છે તેને નિરંતર તત્ત્વવિચારનાં અખંડ અભ્યાસમાં રસ પડે છે. પરિણામે ચિત્ત સ્થૈર્ય થાય છે. ત્યારે અધ્યાત્મના અક્રમમાં ઉદ્યમશીલ બની સહજભાવે આત્મ-અનુભવને પામે છે. અનુક્રમે આત્મા શાશ્વત પરમપદ મોક્ષનો માણિગર બને છે, આ અક્રમમાર્ગની સર્વોત્કૃષ્ટ સ્થિતિ છે. આ સદાચારનું સોપાન છે,

શ્રીમદ્જીની જન્મભૂમિ વવાણિયામાં લગભગ ૧૯૫૩, ૩૦ વર્ષે લખાયેલા અપૂર્વ પદની આરાધના પદમાં સદાચારનો શુદ્ધ ભાવ પ્રગટ થયો છે. આ શુદ્ધભાવ સદાચારની આધારશીલા છે. જીવ બાહ્ય–આભ્યંતર નિગ્રંથ થવાની ભાવના ભાવે છે. દેહ દૃષ્ટિ વિસરી જાય છે માત્ર આત્મદૃષ્ટિ પ્રધાનપણે જીવનમાં બની રહે છે દર્શનમોહ નષ્ટ થતાં આત્મબોધનો ભાનુ ઉદિત થાય છે. સદાચારનો અરુણોદય થાય છે. જડ અને ચેતન શાશ્વત તત્ત્વોનું સ્વભાવિક દર્શન અનુભવાય છે પછી ચારિત્રમોહ પ્રક્ષીણતાનો ક્રમ પ્રારંભાય છે અપૂર્વ અવસર-મહાપદની ચાર કડીથી ૧૩ કડી સુધી સદાચારની સુચરિત્રસ્થિતિ યથાર્થસ્વરૂપે સત્યસ્વરૂપે અધ્યાત્મક્રમે આલેખાઈ છે. બાહ્ય ઉપસર્ગ ગમે તેટલા આવી પડે તોપણ શુદ્ધ આત્મસ્થિરતાનો અંત આવી શકે તેમ નથી. જે યોગ પ્રવર્તન છે તે અંતે તો નિજ સ્વરૂપની લીનતા થતાં પરિણમશે. શુદ્ધ આત્મસ્વરૂપે, આગળના ક્રમે ક્ષપકશ્રેણીનું આરોહન કરી

શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય
અગુરુ લઘુ અમૂર્ત, સહજ પદ રૂપજો

આ અવસ્થાની પ્રાપ્તિ તે સદાચારના સાચા સ્વરૂપનો અખંડ અપૂર્વ આરાધનાક્રમ છે શ્રીમદ્જીની દૃષ્ટિએ આ સદાચારનું અંતરંગ સ્પર્શતું સ્વરૂપ છે.

મહાત્મા ગાંધીજીના મન પર શ્રીમદ્જીની આંતર-બાહ્ય સદાચારની ઊંડી છાપ હતી. ગાંધીજીના શબ્દોમાં કહીએ કે તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જ અનુભવ્યું તે જ લખ્યું છે તેમાં ક્યાંય કૃત્રિમતા નથી.... તેમના લખાણોમાં સત્ નીતરી રહ્યું છે. વૈરાગ્યલગની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ (શ્રીમદ્ રાજચંદ્ર)ની હતી. આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું, અને હજી સુધી કોઈ પણ માણસે મારા હૃદય પર તેવો પ્રભાવ પાડયો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ સાથે રસ્કિન અને ટોલ્સટોયનો ફાળો છે. પણ કવિની અસર મારા ઉપર વધુ ઊંડી છે, કારણ કે હું કવિના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો. નૂતન ભારતના નવસર્જનના પાયામાં શ્રીમદ્જીના આધ્યાત્મિક જ્ઞાન અને સદાચારની વિચારધારાનું અપૂર્વ પ્રદાન છે.

સમાપન કરતાં કૃપાળુદેવ શ્રીમદ્જીના આ વચનોને સ્મરીએ... 'બીજું' કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે, શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી કંઈ કહ્યું જાય તેમ નથી. અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થવાર નથી. તું આ અનુભવવચન પ્રામાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદરભવે અવશ્ય મોક્ષ જઈશ.'

# શોકાંજલિ

શેઠશ્રી અનોપચંદભાઇ માનચંદ શાહ (ઉ. વર્ષ ૬૬) તા. ૩-૩-૯૨ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી મહાલક્ષ્મી ન્યુમેટીક ફ્લોર મીલના સંચાલક હતા. તેઓશ્રી આગેવાન શીપબ્રેકર હતા. તેઓશ્રી આ સભાના પેટ્રન સભ્ય અને ઉપ પ્રમુખશ્રી હતા. સભાના કામકાજમાં સારો રસ લેતા હતા અને ઉપયોગી સલાહ સુચનો આપતા હતા. સભાએ એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે, અને તેઓશ્રીની ખોટ પૂરી શકાય તેમ નથી.

તેઓશ્રી જૈન સમાજના અગ્રેસર કાર્યકર હતા. ભાવનગર પાંજરાપોળના પ્રમુખશ્રી હતા. તેઓશ્રીએ અનેક સંસ્થાઓની તન મન અને ધનથી ઉત્તમ સેવા કરી છે. અને શુભ પુણ્ય ઉપાર્જન કરી ગયા છે. તેઓશ્રી ઉદારદીલના દાતા હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા.

તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## "સરસ્વતી સદન"નો ઉદ્‌ઘાટન સમારોહ

પરમ પૂજ્ય સૌમ્યમૂર્તિ આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય સમર્થ વિદ્વાન આચાર્ય મહારાજ શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય સુમધુર વક્તા પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ આદિ સાધુ ભગવંતોના શુભ નિશ્રામાં, જંગમ તીર્થ સ્વરૂપ પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના જન્મસ્થળ કનોડા ગામે જ્ઞાનભક્તિના સ્મારકરૂપ શ્રી કે. એલ. શેઠ પરિવાર પ્રેરિત ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સરસ્વતી મંદિરનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૩-૨-૯૨ ને રવિવારના રોજ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો.

તા. ૨૨ ૨-૯૨ ને શનિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે પ્રાતઃસ્મરણીય પરમાત્માની ભવ્યાતિભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. રથયાત્રામાં ગજરાજ ઉપર 'અધ્યાત્મસાર'નું બહુમાન, રાજકોટની રાસમંડલી, સાણંદના ઢોલી, શણગારેલાં ગાડા, તેમજ હણહણતાં અશ્વો હતાં.

પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થોના પ્રદર્શનનું તથા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના જીવન પ્રસંગોની સુંદર રંગોળીનુ. ૪૫ આગમના (૨૪ તીર્થંકર પરમાત્માના જ્ઞાનવૃક્ષ સહિતના) છોડનું ઉદ્‌ઘાટન કરેલ હતું. પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થો ઉપરના વિવેચનના ગ્રન્થનું 'નવપદનાં પ્રવચનો' પુસ્તકનું તેમજ 'યશોવન્દના' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

તા. ૨૩-૨-૯૨ ને રવિવારના સવારે પ્રભુજીનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સંક્ષિપ્ત નવગ્રહાદિ પૂજન કરવામાં આવેલ હતું. શ્રી કે. એલ. શેઠ પરિવારના હસ્તે 'સરસ્વતી સદન'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શુભ મુહૂર્તે શ્રી સરસ્વતી દેવી તથા પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના ઉત્કીર્ણ શિલાપટ્ટના પ્રતિષ્ટા કરવામાં આવી હતી.

"જૈનં જયતિ શાસનમ્"

## "જૈનો"ના પ્રમુખપદે ડો. મણિભાઈ મહેતા

જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયાના ભૂતપૂર્વ પ્રમુખ ડો. મણિભાઇ મહેતાની અમેરિકાના તમામ જૈન સેન્ટરોના ફેડરેશન "જૈનો" ના ઉપપ્રમુખ તરીકે વરણી થઇ છે. તેઓ અમેરિકાના વેસ્ટ કોસ્ટ (પશ્ચિમ કિનારો) માં આવેલા આઠ જૈન સેન્ટરોના કો. ઓર્ડીનેટર તરીકે કામ કરશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અત્યારે ન્યૂયોર્ક પછીના અમેરિકાના સૌથી મોટા શહેર લોસ એન્જલિસના બ્યુમેના પાર્ક વિસ્તારમાં સાઢા ત્રણ કરોડના ખર્ચે અગિયાર હજાર ચોરસ ફીટનું બાંધકામ ધરાવતું જૈન સેન્ટર અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. અહીં જૈન દેરાસરમાં ખાસ ભારતથી તૈયાર કરાવીને શિલ્પ-સ્થાપત્યયુક્ત કોતરણી મૂકવામાં આવી છે. ભગવાનની ત્રણ મૂર્તિઓ સાથે એક બાજુ શ્રી ઘંટાકર્ણ વીર અને બીજી બાજુ શ્રી પદ્માવતી દેવીની મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવી છે. દેરાસર ઉપરાંત વિશાળ વ્યાખ્યાન-ખંડ, સ્વાધ્યાય ખંડ, પુસ્તકાલય, પૂજા-ખંડ અને મોટા ડાઇનીંગ એરિયાનો સમાવેશ થાય છે, અહીંની પાઠશાળામાં એકસો વિદ્યાર્થીઓ નિયમિતપણે દર અઠવાડિયે જૈનધર્મ અને ગુજરાતી ભાષાનો અભ્યાસ કરે છે, જ્યારે વડીલો માટેના ધાર્મીક ક્લાસમાં પચાસ જેટલી વ્યક્તિઓ ધર્માભ્યાસ કરે છે. અહીંનું જૈન યુથ એસોસીએશન દર વર્ષે યુવાનો માટે કેમ્પ અને ઇતર પ્રવૃત્તિઓ યોજે છે. જ્યારે મહિલા મંડળ દ્વારા પૂજા, આયંબિલ વગેરે ધર્મક્રિયાનું આયોજન કરવામાં આવે છે. હાલમાં શ્રી નવનીતભાઈ શાહ આ સેન્ટરનું પ્રમુખસ્થાન શોભાવે છે.

# શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ ભાવનગરનો શાનદાર પારિતોષિક સમારંભ

તારીખ ૨ ફેબ્રુઆરી ૧૯૯૨ ને રવિવારને સાંજના ૪ કલાકે ટાઉનહોલમાં શ્રેયસ જૈન મિત્ર મંડળ ભાવનગરના ઉપક્રમે જૈન સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેના પારિતોષિક સમારંભ શાનદાર રીતે યોજાઇ ગયો. આ સમારંભના પ્રમુખસ્થાને મુંબઈના શ્રેષ્ઠિરત્ન અને મહાન દાનવીર શ્રી દીપચંદભાઈ ગાર્ડી તેમજ અતિથિવિશેષ પદે મૂળ ભાવનગરના મુંબઇ સ્થિત શ્રેષ્ઠિવર્ય, ઉદ્યોગપતિ અને પદ્મશ્રી મહીપતરાય જે. શાહ પધારેલ. આ ઉપરાંત આ સમારંભને ભવ્ય બનાવવા સર્વશ્રી નિરંજનભાઈ મહેતા, ભાનુભાઈ ગાંધી, શશિકાન્ત ઝવેરી, વસનજીભાઇ વસંતરાય ગાંધી, શેઠશ્રી મનમોહનભાઇ તંબોળી. શ્રી ખાંતિભાઈ શાહ તથા શેઠશ્રી શાંતિભાઇ શાહ આફ્રિકાવાળા વિ. અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

શ્રેણી ૫ થી ૮ ના તેજસ્વી તારલાઓને વિવિધ ઇનામો પદ્મશ્રી મહીપતભાઇ શાહના વરદ હસ્તે અને શ્રેણી ૯ થી ગ્રેજ્યુએટ, ડોકટર્સ, એન્જીનીયર્સ અને સી. એ. સુધીના વિદ્યાર્થી ઝગઝગતા સીતારાઓને પ્રમુખશ્રી દીપચંદભાઇ ગાર્ડીના મંગળ હસ્તે પારિતોષીક રૂપે એનાયત થયેલ.

શ્રેણી ૧૦ માં ૮૨ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થનાર સચિન ભાવસારને શીલ્ડ ચાંદીનો મેડલ અને પારિતોષીક પ્રમુખશ્રીના વરદ હસ્તે એનાયત થયેલ. શ્રેણી ૧૨ ના શ્રેષ્ઠ તેજસ્વી વિદ્યાર્થી શ્રી તેજસ મહેશકુમાર વોરાને શીલ્ડ, ચાંદીનો મેડલ અને પુરસ્કાર અતિથિવિશેષશ્રીના વરદ હસ્તે એનાયત થયેલ રાણપુરા વિપુલને પણ ચાંદીનો મેડલ એનાયત થયેલ

સમગ્ર સમારંભનું સફળ સંચાલન શ્રી નવીનભાઈ કામદાર અને શ્રી મનુભાઇ શેઠે કરેલ હતું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❁ શ્રી નવ સ્મરણ કંઈ રીતે થાય ? ❁

(૧) નવકાર-મંત્રનું સ્મરણ કરતી વખતે પંચ પરમેષ્ઠી અથવા નવપદનો આકાર આંખ આગળ રાખવો.

(૨) ઉવસગ્ગહરંનો પાઠ કરવાના સમયે શ્રી ચિંતામણી પાર્શ્વનાથને યાદ કરવા.

(૩) સંતિકરં ગણતા શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરવું.

(૪) વિજય મુહૂર્તના સ્મરણ સમયે એકસો સિત્તેર જિનનો મંત્ર આંખ સામે રાખવો.

(૫) નમિઉણના પાઠ વખતે ચિંતામણી પાર્શ્વનાથને યાદ કરવા.

(૬) અજિત શાંતિ ભણતી વખતે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ કરવું.

(૭) ભક્તામર ગણતા શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનું ખાસ ધ્યાન ધરવું.

(૮) કલ્યાણ મંદિરના સ્મરણ સમયે પાર્શ્વનાથ-પ્રભુને સંભારવા.

(૯) બૃહત્શાંતિના પાઠ સમયે ચોવીશે ચોવીશ જિનની પ્રભુ-પ્રતિમાઓ નજર સમક્ષ યાદ કરવી.

❁

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂા. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

આ પુસ્તિકા દેવનાગરી લિપિમાં પ્રિન્ટ કરેલ હોવાથી પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો તથા રાજસ્થાન, મારવાડ, તેમજ દક્ષિણ વગેરે દેશોમાં નિવાસ કરનારા સાધર્મિક ભાઈઓ અને બહેનો માટે ખૂબ જ ઉપયોગી છે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
| --- | --- |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧ લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨ જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩ જો | ૮૦-૦૦ |
| સ્ત્રી નિર્માણુ કેવલીભુક્તિ પ્રકરણુ મૂળ | ૨૫ ૦૦ |
| જિનદત્ત વ્યાખ્યાન | ૧૫ ૦૦ |
| શ્રી સાધુ સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
| --- | --- |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ આ. શ્રી વિ. કસ્તૂરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૧ | ૨૫-૦૦ |
| " " ભાગ ,, ૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૧૦ ૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબુસ્વામી ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)



તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.


For Private And Personal Use Only